# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૫/૧૦/૨૦૨૬ થી તા.૧૧/૧૦/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીકમાં આવકના નવા રસ્તા ખૂલશે. હકારાત્મક વિચાર અને કામ પ્રત્યેની લગન વહીવટી કુશળતા તરફ લઈ જશે. નોકરીમાં નવા ફેરફાર, બદલી, પ્રમોશન વગેરેની શક્યતા રહે તેમજ નવી નોકરી મળે. મિલકતને લગતા પ્રશ્નો હલ થાય. જમીન, વાહન, મકાન, ઓફિસ ખરીદવાની યોજના બને. પ્રેમમાં એક બીજાની લાગણી સમજવાથી આત્મીયતા વધશે. શેર, સટ્ટા, લોટરીમાં પ્રગતિ થાય. હરીફો પર ભારે પડશો. ખર્ચા વધશે. મૌન રહેવું.

**વૃષભ (બ,વ,ઉ):-** વીક દરમિયાન પોતાનાં કામ અને કામની જગ્યાએ ટેકનોલોજીનો ઉપયોગ સફળતા તરફ લઈ જશે. મિત્રો, ભાઈ-બહેન- અડોશ-પડોશના કામમાં મદદરૂપ થવાથી યશ મળે. પ્રવાસ, પર્યટન, શિક્ષણ, લેખન વગેરેમાં સફળતા મળે. વારસા, સંપત્તિ બાબતે વિવાદથી બચવું. બહારના કામનો બોજ ઓછો થાય. જે લોકો નવું શીખવા કે પોતાના નવા વિચારોને અમલમાં મૂકવા માંગતા હશે તેમને અચાનક ભાગ્યનો સાથ મળશે.

**મિથુન (ક,છ,ઘ):-** સપ્તાહ દરમિયાન ઘરના સભ્યોનો વ્યવહાર માનસિક ત્રાસજનક રહેશે. માટે વાદ-વિવાદ ટાળવો. પોતાના કાર્યક્ષેત્રમાં અચાનક ગતિ આવે. વેપારના નવા સોદા થાય. આર્થિક બાબતે સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવવું નહીં. જીવનસાથી ભાઈ-મિત્રો સાથે સામાજિક અને ધાર્મિક કામ થાય. નવા સંબંધો વિકાસ પામે. નવાં ઘર, વાહન બાબતે ધીરજ રાખવી. બહારના કામનો બોજ વધશે. વેપાર- ધંધાની નવી દિશા ખૂલે. આવક વધે.

**કર્ક (ડ,હ):-** સપ્તાહ દરમિયાન તમારી કુશળતા અને બુદ્ધિપ્રતિભા નવી ઓળખ ઊભી કરશે. ક્રિએટીવ વિચારોથી કામ સરળ બને. નવી નવી તકોના રસ્તા ખૂલે. સમાજમાં યશ મળે. ઘર-પરિવારમાં વિવાદથી અશાંતિ પેદા થશે. ઉંમરલાયકના વિવાહ થાય. ઉઘરાણીની ચિંતા સતાવશે. આવક વધારવાની તક મળે. માર્કેટીંગ દલાલી, પ્રવાસને લગતાં કામ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. મિત્રોનો સાથ રહે.

**સિંહ (મ,ટ):-** વીક દરમિયાન ધાર્મિક યાત્રા થાય. આરોગ્ય નરમ રહે. બિનજરૂરી ખર્ચા વધશે. સંતાનોની ચિંતા સતાવે. ગુપ્ત શત્રુઓ સક્રિય થાય. વિદેશનાં કામ પાર પડશે. કોર્ટ, કચેરીમાં મદદ મળે. સામાજિક કાર્યોથી પ્રતિષ્ઠા વધે. નોકરીમાં પ્રમોશન સાથે સ્થાનફેર થાય. મનગમતા વાતાવરણમાં કામ કરવાની તક મળે. નવી નોકરીની ઓફર આવે. વાણી પર કાબૂ રાખવો. ખાસ કરીને ઘરમાં.

**કન્યા (પ,ઠ,ણ):-** સપ્તાહ તમારા અનુશાસન પૂર્ણ વ્યવહાર અને બીજાને મદદ કરવાની આદતથી નવી તકના રસ્તા ખૂલશે. અચાનક શુભ સમાચાર મળે. સંતાનોની પ્રગતિ થાય. પરીક્ષા- ઈન્ટરવ્યુમાં સફળતા મળે. સામાજિક સંબંધો મજબૂત બને. પ્રેમમાં સાથ મળે. ઉત્સાહજનક કાર્ય સફળતા અને પ્રેમમાં વિવાહની ઓફર મનને પ્રફુલ્લિત રાખશે. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહીં. સામાજિક સફળતા મળી શકે છે.

**તુલા (ર,ત):-** ચાલુ વીક તમારા સમજદારીપૂર્ણ સાહસિક નિર્ણય આર્થિક લાભ આપનાર રહેશે. નવા સોદા પાર પડશે. પ્રોપર્ટીને લગતાં કામ થાય. નવા વેપાર ધંધાની યોજનામાં વડીલોનો સાથ મળે. ભાઈ-બહેનોના વિવાહના સમાચાર મળે. પ્રેમજીવન ઉત્સાહજનક રહે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ રાખવી. સામાજિક કામમાં સાવધાની રાખવી. ગુપ્ત શત્રુઓ પરેશાન કરે.

**વૃશ્ચિક (ન,ય):-** તમારા હકારાત્મક વિચાર કાર્યક્ષેત્રમાં પ્રગતિજનક રહેશે. નવા અવસરથી લાભ કરાવનાર વીક રહેશે. હાથમાં લીધેલા કામની પૂર્તિ માટે પરિવારનો સંપૂર્ણ સાથ મળશે. બૌદ્ધિક કાર્યની સફળતાથી યશ મળે. ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદ મળવાથી સંતાનોના કામ અને વિદેશના કામમાં ગતિ આવે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. આયાત-નિકાસ માટે નવી યોજના બને. વેપારમાં આર્થિક લાભ વધે. નોકરીમાં પ્રભાવ વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ ધાર્મિક કાર્યોમાં ભાગ અને સામાજિક પ્રવૃત્તિમાં વ્યસ્તતાવાળું રહેશે. આરોગ્યનું ધ્યાન રાખવું. સતત કામની વ્યસ્તતા થાકનો અનુભવ વધારશે. પડવા-વાગવા અને પાણીથી સાવધાની રાખવી. અટકેલાં કામ પાર પડે. વિદેશમાં વિદ્યાભ્યાસમાં કામમાં પ્રગતિ થાય. સંતાનોના કામમાં પ્રગતિ થાય. મિત્રોનો સાથ મળે. ઈર્ષાળુ લોકોથી સાવધાન રહેવું. કોઈ નવી ડીલ કરવામાં ભૂલ થઈ શકે છે માટે ધીરજ રાખવી.

**મકર (ખ,જ):-** સપ્તાહ ભવિષ્યની અને કુટુંબની સુરક્ષાને લઈને લેવામાં આવતા નિર્ણયો હકારાત્મક રીતે પ્રગતિ કરાવનાર છે. કુટુંબમાં ધાર્મિક ઉત્સવનું આયોજન થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર કે નવી નોકરી મળે. ચાલુ નોકરી-ધંધામાં અનુકૂળતા વધવાથી કાર્યબોજ ઘટે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહીં. ઉચ્ચ વિદ્યાભ્યાસની યોજના પાર પડશે.

**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહ દરમિયાન હરીફોથી બચવા નાની નાની વાતોને મહત્ત્વ આપવું અને પોતાના લક્ષ્યને વળગી રહેવાથી નવી તક મળશે. સરકારી નોકરીની તક મળે. સરકારી કામમાં પ્રગતિ થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. રોજનાં કામ, વેપાર તેમજ દલાલી કે કમિશનના ધંધામાં ભાગ્યને સાથ મળે. સમાજજીવનમાં યશ મળે. આધ્યાત્મિક શાંતિનો અનુભવ થાય. અચાનક ઈચ્છિત કામ પૂર્ણ થવાથી ઉત્સાહ.

**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ આર્થિક બાબતે સંતુલિત રહેશે. પ્રેમ બાબતે લાગણીઓ પર કાબૂ રાખવો. વ્યાવહારિક ભેટ-સોગાદથી વિશ્વાસ વધશે. સંતાનો માટે ભવિષ્યની યોજના પાર પડે. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પરીક્ષામાં અનુકૂળતા રહે. શેર બજારમાં લાભ થાય. ઈર્ષાળુ લોકો તથા હરીફોથી સાવધાન રહેવું. નોકરીમાં નવી જવાબદારી વધશે. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે.

# ભારતના ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ચાલાક અધિકારી

**આવા** તાનાશાહી યોગવાળા જ્ઞાનેશકુમારની કુંડલી જ સાફ બતાવે છે કે તેમના ફેંસલા જનતા કે અદાલત પ્રત્યે બિનજવાબદાર હોય!



જ્ઞાનેશ કુમારની જ.તા. 27-01-1964 પ્રાપ્ત છે. તેમની કુંડલી પ્રાપ્ત નથી પણ જ્યોતિષના નિયમ પ્રમાણે ચંદ્ર કુંડલીનું ઘણું જ મહત્ત્વ છે. કારણકે ચંદ્ર કુંડલી પરથી કે ચંદ્રની સ્થિતિ પરથી દશા-અંતર દશા નક્કી થતી હોય છે. તારીખઃ 26-01-1964 થી તા. 28-01-1964 સુધી ચંદ્ર મિથુન રાશિમાં હતો માટે તેમની ચંદ્ર રાશિ મિથુન અને સાયન પ્રમાણે સૂર્ય કુંભમાં અને નિરયન પ્રમાણે સૂર્ય કર્કમાં હતો. તા. 27-01-1964 ના સવારના 11:28 સુધી ચંદ્ર પુનર્વસુ નક્ષત્રમાં હતો. જો તા. 27-01-1964ના 11:28 પછી તેમનો જન્મ થયો હોય તો પુષ્યનક્ષત્ર અને તે પહેલાં થયો હોય તો પુનર્વસુ નક્ષત્રમાં હોય તો ગુરુની મહાદશા અને જો પુષ્યમાં હોય તો શનિની મહાદશા. લગભગ તેમનો જન્મ ગુરુની મહાદશામાં થયો હશે. મેદનીય જ્યોતિષ પ્રમાણે જોઈએ તો તેમનું મેષ લગ્ન આવે છે અને લગ્નેશ કર્મસ્થાનમાં પોતાની ઉચ્ચ રાશિમાં સ્વગ્રહી શનિ અને સૂર્ય સાથે અતિચારી અવસ્થામાં ખૂબ જ બળવાન અને સ્વતંત્ર તથા મનમાની કરવાની શકિત આપે છે. આમ તેમની કુંડલી બળવાન બને છે. સાથે ચંદ્ર કુંડલી પણ મિથુનની બળવાન બને છે. આમ જ્યોતિષની દૃષ્ટિએ તેમની સ્થિતિ અને ઉચ્ચ પદની પ્રાપ્તિના યોગ ચોક્કસ થાય છે. મંગળ-સૂર્ય-શનિવાળાં જાતકો મોટા ભાગે આપખુદ કે તાનાશાહી વ્યવસ્થામાં માનતા હોય છે. કાનૂની પાબંદીને માનતા નથી હોતા અને જનતાની પરવા કરતાં નથી. એકતરફી નિર્ણયમાં વિશ્વાસ રાખે છે. જનતાની ભાગીદારીને મહત્ત્વ આપતા નથી. તેમની ચંદ્ર રાશિ પ્રમાણે આ વિનાશક યોગ આઠમા ભાવમાં થાય છે જે જાતકને ગદ્દારી તરફ લઈ જાય છે. મોટા ભાગે આવાં જાતકો કોઈને વફાદાર રહી શકતાં નથી. આવા તાનાશાહી યોગવાળા જ્ઞાનેશકુમારની કુંડલી જ સાફ બતાવે છે કે તેમના ફેંસલા જનતા કે અદાલત પ્રત્યે બિનજવાબદાર હોય!

આપણે તેમની પ્રાપ્ત વિગતો પ્રમાણે એ જોવું છે કે તેમની કુંડલીમાં દેશ કે જનતા સાથે ગદ્દારી કે વિશ્વાસઘાત અથવા ધોખાબાજીના યોગ થાય છે કે નહીં? તેમજ તેમને પદ છોડવું પડશે કે નહીં? તેમના પર કોઈ કાયદાકીય પગલાં લેવાશે કે નહીં? વગેરે તેમની ચંદ્ર કુંડલી અને તા. 19-02-2025ના દિવસે પદગ્રહણ શપથની કુંડલી પરથી જોવાની કોશિશ કરીએ. જોગાનુજોગ તેમની શપથગ્રહણ કુંડલી પણ મેષ લગ્નની આવે છે તેમાં પણ મંગળ ત્રીજે બળવાન છે અને લાભસ્થાનમાં સ્વગ્રહી શનિ સાથે સૂર્યની યુતિ છે. જન્મસમય પણ સૂર્ય શનિ મકરમાં સાથે છે, જે બતાવે છે કે એક વાર જાતક ઉચ્ચ પદ પ્રાપ્ત કરે જ અને અચાનક ઊંડી ખીણમાં પડીને પતન તરફ જાય! મૂળ વાત પર આવતાં ''કપટ યોગ''ની વાત સમજીએ, જેને ષડયંત્ર યોગ પણ કહેવાય. કુંડલીમાં ચોથો ભાગ હૃદયનો અને તેના સ્વામીની સ્થિતિ પરથી આ યોગ જાણી શકાય છે. ઉપરાંત આત્માનાં કારક સૂર્ય અને મનના કારક ચંદ્ર તથા બુદ્ધિ, વિચાર, વાણીના કારક બુધની સ્થિતિ જાતકની મનઃસ્થિતિ બતાવે છે. તેના દિલમાં અન્ય માટે કેવી ભાવના છે તે બતાવે છે. જો કોઈ વ્યક્તિ, સત્તામાં હોય, ઉચ્ચ હોદ્દા પર હોય અને પ્રશાસનિક નિર્ણય લેવાની સત્તા કે હેસિયત ધરાવતી વ્યક્તિ બાબતે એવું ચોક્કસ વિચારી શકાય કે આવા યોગવાળો જાતક દેશ અને દેશની જનતા તથા દેશના કાયદા-કાનૂનને વફાદાર રહેશે?

જ્ઞાનેશકુમારની કુંડલી ખાસ ચંદ્ર કુંડલી જે જન્મતારીખ પ્રમાણે સાચી છે તે પ્રમાણે ચોથાનો માલિક બુધ સાતમું સ્થાન જે જનતા કે દેશની પ્રજાનું છે ત્યાં કેતુ સાથે છે અને મનનો કારક ચંદ્ર રાહુ સાથે તથા આત્માનો કારક સૂર્ય આઠમે શનિ-મંગળ સાથે છે. અહીં સૌથી મહત્ત્વની બાબત એ છે કે બુધ-ચંદ્ર રાહુ કેતુ સાથે સામસામે એક ભયંકર કપટયોગ કરે છે. આવાં જાતકો ચાલકીથી બીજાને નજરઅંદાજ કરીને પોતાની વૃત્તિને ષોપે છે અને ગદ્દારી કરે છે.

તેમની શપથ કે પદગ્રહણ સમયની કુંડલીમાં બીજાના માલિક શુક્ર અને બારમાના માલિક ગુરુનો પરિવર્તનયોગ જે એક કપટ કે ગદ્દારી કરનાર ઘડીનું નિર્દેશન કરે છે. આવા યોગને ખલયોગ-એટલે કે દુષ્ટ બુદ્ધિ યોગ કહે છે. પોતાની મહત્ત્વાકાંક્ષા માટે આવાં જાતકો કોઈ પણ હદ સુધી જાય છે. સાથે ગુરુથી ચંદ્ર છઠ્ઠે પણ અશુભ શકટયોગ કરે છે, જેના કારણે આખા દેશને સંકટમાં લાવી દીધો. કુંડલીમાં બારમો ભાવ પ્રતિષ્ઠાને હાનિ, જેલ કે ઉચ્ચ પદ પરથી બરખાસ્ત કે રાજીનામાં માટે જોવામાં આવે છે. જ્ઞાનેશકુમારની પદગ્રહણ વખતની તા. 19-02-2025ની કુંડલી જ સાફ બતાવે છે કે તેમનું પદ અપમાનિત અવસ્થામાં ગુમાવવાનું બનશે. બીજા અને બારમાના માલિક શુક્ર-ગુરુ જે બંને મેષ લગ્નમાં મારક બને છે અને બારમા ભાવમાં રાહુ સાથે સંબંધમાં આવે છે અને ગોચરનો શનિ બારમે પસાર થઈ રહ્યો છે તથા ગોચરનો રાહુ શપથગ્રહણના સૂર્ય-બુધ-શનિ પરથી પસાર થઈ રહ્યો છે. રાહુની મહા દશામાં પદગ્રહણ થયું અને જુલાઈ 2025થી ઓગસ્ટ 2026 દરમિયાન ગુરુમાં ગુરુ અને પ્રતિ અંતર દશા કેતુ જે છઠ્ઠે છે ત્યાં મંગળની દૃષ્ટિ છે માટે તેમની પડતીની શરૂઆત તો 2025 ઓગસ્ટથી જ થઈ ગઈ હતી. ઉચ્ચ કક્ષાના સંપર્કો અને હોદ્દાના દુરુપયોગના કારણે જ ટકી શક્યા છે. તેમનો મંગળ કે જે ઉચ્ચ પદ તરફ લઈ જનાર છે તે જ અધોગતિનો પણ કારક છે. પદગ્રહણ વગતનો મંગળ મિથુનનો હતો અને તા. 02-08-2026 થી મંગળ ગોચરમાં મિથુનમાં આવ્યો ત્યારથી પડતીની શરૂઆત થઈ. તા. 18-09-2026 મંગળ તેમના ચોથા ભાવમાં કર્કમાં આવ્યો. જે તા. 12-11-2026 સુધી રહેશે. હાલમાં મંગળ-ગુરુ-કર્કમાં ચોથા ભાવમાં છે. તા. 31-10-2026 સુધી આ યોગ છે. તેમના ગુરુ-શુક્ર જ પદભ્રષ્ટના યોગ કરે છે. 02-08-2026 થી તેમના જન્મના ચંદ્ર-રાહુ પરથી મંગળનું ભ્રમણ ચાલુ થયું ત્યારથી તેમની પડતીની શરૂઆત થઈ છે. **હાલ મંગળ જન્મની મંગળ-શનિ-સૂર્ય સામેથી તેમને પદભ્રષ્ટ કરીને જ રહેશે. તેમને 31-10-2026 સુધી કે 12-11-2026 ની વચ્ચે પદત્યાગ કરવાનું બની શકે છે.**

**જ્ઞાનેશકુમારની પદગ્રહણ વખતની તા. 19-02-2025ની કુંડલી જ સાફ બતાવે છે કે તેમનું પદ અપમાનિત અવસ્થામાં ગુમાવવાનું બનશે.**

# ગુજરાત કોંગ્રેસમાં ફરી 6 જિલ્લામાં નવા પ્રમુખોની નિમણૂક થશે

**અમરેલીથી** વડોદરા સુધી સંગઠનમાં ફેરફારની કવાયત

**ભાજપમાં** જોડાણ, અવસાન અને વિવાદ બાદ નવા ચહેરાની શોધ

ગાંધીનગર : ગુજરાત કોંગ્રેસમાં સંગઠનને વધુ સક્રિય બનાવવાની કવાયતના ભાગરૂપે ફરી એકવાર મોટા ફેરફારના એંધાણ મળી રહ્યા છે. અમરેલી, બનાસકાંઠા, પંચમહાલ, અરવલ્લી, મોરબી અને વડોદરા–આ છ જિલ્લામાં નવા જિલ્લા પ્રમુખોની પસંદગીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ માટે AICC દ્વારા નિરીક્ષકોની પણ નિમણૂક કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. અલગ-અલગ કારણોસર ખાલી પડેલી કે સંગઠનાત્મક રીતે બદલાવ જરૂરી બનેલી જગ્યાઓ પર નવા ચહેરાઓને તક આપવાની કોંગ્રેસે કવાયત હાથ ધરી છે.

અમરેલીમાં હાલ જિલ્લા પ્રમુખ તરીકે પ્રતાપ દુધાત છે, પરંતુ છેલ્લા એક વર્ષથી તેમની સંગઠનમાં સક્રિયતા ઘટી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અગાઉ જૂનાગઢના ગિરનાર ખાતે યોજાયેલી કોંગ્રેસની સમીક્ષા બેઠકમાં પણ તેમની ગેરહાજરી જોવા મળી હતી. સંગઠનના કામમાં આગળ સક્રિય રહેવાની તેમની અનિચ્છાને પગલે અમરેલીમાં નવા પ્રમુખની પસંદગી થવાની શક્યતા છે.

બનાસકાંઠા અને વાવ-થરાદના જિલ્લા વિભાજન બાદ પણ સંગઠનાત્મક માળખામાં ફેરફાર જરૂરી બન્યો છે. વાવ-થરાદના જિલ્લા પ્રમુખ તરીકે ગુલાબસિંહ રાજપૂત યથાવત્ છે, જ્યારે બનાસકાંઠા માટે નવા જિલ્લા પ્રમુખની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાઈ છે. અરવલ્લીમાં વર્તમાન જિલ્લા પ્રમુખ અરુણ પટેલને લઈને સર્જાયેલા વિવાદ બાદ નવા પ્રમુખની શોધ શરૂ થવાની શક્યતા છે.

પંચમહાલમાં પૂર્વ જિલ્લા પ્રમુખના ભાજપમાં જોડાણ બાદ કોંગ્રેસે નવા નેતૃત્વની પસંદગી કરવી પડી છે. બીજી તરફ, મોરબીમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોર ચીખલિયાના અવસાનને કારણે પ્રમુખપદ ખાલી પડ્યું છે. વડોદરામાં પણ સંગઠનને નવેસરથી ગોઠવવા નવા જિલ્લા પ્રમુખની પસંદગી માટે પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી રહી છે.

છ જિલ્લાઓમાં નવા પ્રમુખોની પસંદગી સાથે કોંગ્રેસનું સંગઠનાત્મક માળખું વધુ એક વખત બદલાવના તબક્કામાં પ્રવેશ્યું છે. ખાસ કરીને ભાજપમાં નેતાઓના જોડાણ, સંગઠનના નિષ્ક્રિય પડેલા માળખા અને આંતરિક વિવાદો વચ્ચે નવા ચહેરાઓને જવાબદારી સોંપવાની કવાયત આગામી દિવસોમાં ગુજરાત કોંગ્રેસની સંગઠનાત્મક દિશા માટે મહત્વપૂર્ણ બની શકે છે.

### ઊન પાટિયામા ખાતે બનેલી વિચિત્ર ઘટના

# પત્ની પેટ પર પડતાં આરામ કરી રહેલા પતિનું મોત

**બારી** સાફ કરતી પત્નીનું સંતુલન બગડતાં નીચે પટકાઇ હતી

સુરતઃ ઊન પાટિયા વિસ્તારમાં બારી સાફ કરતી વખતે પત્નીનું સંતુલન બગડી જતાં બેડ પર આરામ કરી રહેલા પતિના પેટ પર પડવાની વિચિત્ર ઘટના બની હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વૃદ્ધ પતિનું સારવાર દરમિયાન મોત થયું હતું.

મૂળ મહારાષ્ટ્રના વતની સલીમ ભીખન ખટીક (80 વર્ષ) હાલમાં ઊન પાટિયા વિસ્તારમાં આવેલા સોયેબનગરમાં પાંચ સંતાનો સહિતના પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન જીવતા હતા. ગત 21 સપ્ટેમ્બરના રોજ સવારે સલીમ બેડ પર આરામ કરી રહ્યા હતા. દરમિયાન તેમના પત્ની ફરીદા બેડ પર ચડીને બારી સાફ કરી રહ્યા હતા. બારી સાફ કરતી વખતે અચાનક ફરીદાએ સંતુલન ગુમાવતાં તેઓ સલીમના પેટ ઉપર પટકાયા હતા. આકસ્મિક રીતે પત્નીનું વજન પેટ પર પડતાં સલીમને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક સારવાર માટે બે અલગ-અલગ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમની તબિયત વધુ લથડતાં આજે સવારે તેમનું મોત થયું હતું.

સલીમના મૃતદેહનું નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર રાજેન્દ્ર સોલંકીના જણાવ્યા મુજબ, અકસ્માતમાં સલીમના લિવરને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાના કારણે લિવર ફાટી જતાં પેટમાં લોહી જમા થયું હતું. આ ગંભીર ઈજાઓના પગલે તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.

# પારસી પંચાયતની કરોડોની જમીન માટે ખેડૂત બનવાનો ખેલ

**પીપલોદના** ફોર સીઝનમાં રહેતા દિનશા ઘડિયાળી સામે ગુનો

સુરતઃ સુરત પારસી પંચાયતની કરંજ વિસ્તારમાં આવેલી કરોડોની કિંમતની જમીનને ગણોતિયા તરીકે મેળવવા માટે ખેડૂત ન હોવા છતાં કથિત રીતે બનાવટી દસ્તાવેજો ઊભા કરી સરકારી રેકર્ડમાં પોતાનું નામ ખેડૂત તરીકે દાખલ કરાવનાર સામે ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સુરત પારસી પંચાયતની ઉમરવાડા તથા કરંજ વિસ્તારમાં આવેલી તેની જમીનો, મિલકતો અને પેટા સંસ્થાઓનો વહીવટ ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવે છે. આ જમીનોની દેખરેખ અગાઉ મિનોચર સૌરાબખાન અને બાદમાં તેમના વારસદાર બહેરામશા સૌરાબખાન સંભાળતા હતા. વર્ષ ૨૦૦૫માં બહેરામશાના અવસાન બાદ તેમના કહેવાતા વીલના આધારે દિનશા કાવસજી ઘડીયાળીએ કરંજ સર્વે નં. ૧૯ની પારસી પંચાયતની જમીનમાં પોતાનું નામ ગણોતિયા તરીકે દાખલ કરાવવા સુરત કૃષિપંચ (ગણોત) કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, દિનશા ઘડીયાળી ખેડૂત નહીં હોવા છતાં દહેગામ તાલુકાના બદપુર ગામના જમીનમાલિક છબાભાઈ અમરાભાઈ ઠાકોરને ત્રણ જ પુત્રો હોવા છતાં તેમના ચોથા પુત્ર તરીકે 'કાવાસભાઈ છબાભાઈ'નું નામ દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ કાવાસભાઈની પત્ની તરીકે ખોરસદબેન અને તેમના પુત્ર તરીકે દિનશા કાવસજીનું નામ દર્શાવતું સોગંદનામું તૈયાર કરી નોટરી કરાવાયું હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે.

આ રીતે મેળવેલા દસ્તાવેજો અને ૭/૧૨ના ઉતારાના આધારે દિનશા ઘડીયાળીએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કોટીયા ગામની સર્વે નં. ૬૩ પૈકી ૩ની જમીન વેચાણ દસ્તાવેજથી ખરીદી હતી. ત્યારબાદ બદપુરની જમીન પરનો પોતાનો હક્ક જતો કરી નામ કમી કરાવ્યું હતું અને કોટીયા ગામના જમીન રેકર્ડમાં પોતાનું નામ માલિક તરીકે દાખલ કરાવ્યું હતું.

કોટીયા ગામની જમીનના માલિક તરીકે મેળવેલા દસ્તાવેજોનો ઉપયોગ કરંજ સર્વે નં. ૧૯ની પારસી પંચાયતની જમીન અંગે સુરત કૃષિપંચ કોર્ટમાં ચાલી રહેલા ગણોત કેસમાં પુરાવા તરીકે કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે લાલગેટ ના શાહપોરમાં રહેતા ડૉ. હોમી દારબશાહ દુધવાલા અમદાવાદના દહેગામ પોલીસમાં અરજી આપતા પોલીસે દિનશા કવાસજી ઘડિયાળી (રહે. ફોર સીઝન એપારમેન્ટ, પીપલોદ) વિરુદ્ધ ગુનો નોંધી ફરિયાદ વરાછા પોલીસને ટ્રાન્સફર કરી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### ભારતીય ફાર્મા કંપની...

મુલાકાત દરમિયાન યુક્રેન માટે 1.3 બિલિયન યુરો (1.5 બિલિયન યુએસ ડોલર)થી વધુ મૂલ્યના નવા સહાય પેકેજની જાહેરાત કરી હતી, જ્યારે કે રશિયાએ યુક્રેનના શહેરો પર પોતાના હુમલા તેજ કરી દીધા છે. મર્ઝે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ પેકેજમાંથી આશરે 1 અબજ યુરો લશ્કરી સહાય છે, જેમાં લાંબા અંતરના પ્રહાર કરતા હથિયારો, લડાયક ડ્રોન અને સેટેલાઇટ ટેકનોલોજીનો સમાવેશ થાય છે, જેથી યુક્રેન રશિયન લોંચ પેડ્સને પણ નિશાન બનાવી શકે.

### નેતાન્યાહુએ કેપ્ટન...

ઈઝરાયેલના તમામ નાગરિકો તમારું સાદર સ્વાગત કરશે... તેથી અમે તમને ખૂબ જલ્દી ઈઝરાયેલમાં જોવા ઈચ્છીએ છીએ.

### CECના સસ્પેન્શન...

અરજીઓ પર સુનાવણી કરશે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી તથા વી. મોહનાની બેન્ચ રાકેશ કુમાર સિંહ અને એડવોકેટ શૈલેન્દ્ર મણિ ત્રિપાઠી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરશે, જેમણે કુમાર દ્વારા તેમના અન્ય બે સાથીઓની સહમતિ વિના કથિત રીતે લેવાયેલા નિર્ણયો, માર્ગદર્શિકાઓ અને સોફ્ટવેર ફેરફારોને પણ પડકાર્યા છે. પટનાના નિવાસી રાકેશ કુમાર સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં ટોચની કોર્ટને એ નક્કી કરવા માટે આગ્રહ કરવામાં આવ્યો છે કે, શું કુમાર વ્યક્તિગત રીતે એવી સત્તાઓનો ઉપયોગ કરી રહ્યા છે જે કાયદાકીય રીતે સમગ્ર ચૂંટણી પંચ (ઈસી)ની છે અને જો તેમ હોય તો તે પગલાંને અનધિકૃત જાહેર કરવામાં આવે અને યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, "વર્તમાન અરજીની આખરી સુનાવણી થાય ત્યાં સુધી પ્રતિવાદી નંબર-3 (સીઈસી) ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેના કાર્યો કરશે નહીં તેવા નિર્દેશ આપો; નિર્દેશ આપો કે આવા સમયગાળા દરમિયાન, પંચનું કામકાજ પ્રતિવાદી નંબર-4 (સુખબીર સિંહ સંધુ) અને 5 (વિવેક જોશી)ના સર્વાનુમતી નિર્ણય દ્વારા ચલાવવામાં આવે અને પરિણામે ઊભી થયેલી ખાલી જગ્યા પરની કોઈપણ નિમણૂક ભારતના માનનીય મુખ્ય ન્યાયાધીશ સહિતની સમિતિની ભલામણ પર કરવામાં આવે."

### જંતર મંતર નજીક...

જણાવ્યું હતું કે એક આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ(એસીપી) દ્વારા તેની જાતીય સતામણી કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું કે, પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા, તે સમયે બનેલી કથિત ઘટનાઓ અંગે નવી દિલ્હી જિલ્લા પોલીસને ફરિયાદો મળી હતી. જિલ્લા પોલીસે યોગ્ય અને નિષ્પક્ષ તપાસ માટે આ ફરિયાદો ક્રાઈમ બ્રાન્ચને સોંપી દીધી છે, તેમ અધિકારીએ ઉમેર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચ તપાસના ભાગરૂપે આ આક્ષેપોની ચકાસણી કરશે અને ફરિયાદીઓ તેમજ સંબંધિત અન્ય વ્યક્તિઓના નિવેદનો નોંધશે. મહિલા પત્રકારે પીટીઆઈને જણાવ્યું હતું કે તે અને અન્ય પત્રકારો ત્યારબાદ એફઆઈઆર નોંધાવવા પોલીસ સ્ટેશન ગયા હતા, પરંતુ તેમણે આક્ષેપ કર્યો હતો કે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. તેણે આક્ષેપ કર્યો હતો કે, પોલીસકર્મીઓ પ્રદર્શનકારીઓની અટકાયત કરી રહ્યા હતા, અને ઘટનાસ્થળે કોઈ મહિલા પોલીસકર્મી હાજર નહોતી. મેં દિલ્હી પોલીસના એસીપી વિવેક ભગતને મહિલા પોલીસકર્મીઓની ગેરહાજરી અંગે પૂછ્યું, જે બાદ તેમણે મારી જાતીય સતામણી કરી અને મને પાછળ ધકેલી દીધી. વારંવાર કોલ અને મેસેજ કરવા છતાં એસીપી વિવેક ભગતનો સંપર્ક થઈ શક્યો નહોતો. એક સૂત્રએ જણાવ્યું કે પત્રકારો દ્વારા રજૂ કરવામાં આવેલી ફરિયાદમાં તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

### પ્રેસ કાઉન્સિલે આઘાત...

જણાવ્યું હતું કે, ડઝનબંધ પત્રકારોના વિરોધ છતાં, ન તો FIR નોંધવામાં આવી કે ન તો કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી. પ્રિયંકાએ કહ્યું, નરેન્દ્ર મોદીજી, અમિત શાહજી, શું મહિલાઓ સાથેનું આવું વર્તન યોગ્ય છે? જો નહીં, તો તમે આ વાતની નોંધ કેમ નથી લેતા? કોંગ્રેસના મીડિયા અને પબ્લિસિટી વિભાગના વડા પવન ખેડાએ જણાવ્યું હતું કે દિલ્હી પોલીસ પર ફરી એકવાર મહિલાના સન્માનનું ઉલ્લંઘન કરવાના આરોપો લાગ્યા છે.

### ફ્લાયદુબઇ ફ્લાઇટને...

ઈઝરાયેલ જઈ રહેલા 182 લોકો સાથેના વિમાનમાં ગોથા ખાતી સ્થિતિ વચ્ચે, ગણવેશધારી ક્રૂ મેમ્બર્સે કોકપિટ તરફ દોડી જઈને પ્લેનને સાંભળી લીધું હતું. આ ઘટનાના ત્રણ દિવસ પછી, શનિવાર સુધી પણ તેમની જાહેરમાં ઓળખ જાહેર કરવામાં આવી નથી. 'ફ્લાયદુબઈ' એ તેમને માત્ર વિમાનમાં મુસાફરી કરી રહેલા ઓન-ડ્યુટી ક્રૂ મેમ્બર તરીકે જ ઓળખાવ્યા છે. જો કે, પ્લેનની આગળની હરોળમાં બેઠેલા એક મુસાફરે ધ એસોસિએટેડ પ્રેસ(AP) સાથેની મુલાકાતમાં આ અજાણ્યા હીરોઝના કારનામાનું સૌથી વિગતવાર વર્ણન આપ્યું હતું.

બીજી હરોળમાં બેઠેલા ડેનિયલ શ્લિક્તરે જણાવ્યું હતું કે, "આ એક ચમત્કાર સમાન છે." દર વખતે દરેક ફ્લાઈટમાં બે વધારાના પાઈલટ નથી હોતા. આ કિસ્સામાં, તેઓ તેમને એટલા માટે લાવ્યા હતા કારણ કે તેઓ વિમાનને તેલ અવીવથી પાછું દુબઈ લાવવાના હતા, અને માત્ર આ જ કારણસર તેઓ ત્યાં હાજર હતા, આ પ્રક્રિયાને 'ડેડહેડિંગ' કહેવાય છે. કોકપિટમાં શું બની રહ્યું હતું તેની ચીસાચીસ પાડતા મુસાફરોને જાણ થયા પછી આ બે પુરુષોએ ઝડપથી પ્રતિક્રિયા આપી હતી. કેપ્ટને ગંભીર રીતે ઘવાયેલો હોવા છતાં, કોઈક રીતે કોકપિટનો દરવાજો અનલોક કરવામાં સફળતા મેળવી હતી. એક મુસાફરે કો-પાઈલટને પકડીને બહાર ખેંચી લીધો અને અન્ય લોકોએ તેને કાબૂમાં લેવા માટે ઝપાઝપી કરી તે પછી, શ્લિક્તરે કહ્યું કે મુસાફરી કરી રહેલા પાઈલટોમાંથી એક વ્યક્તિએ ઝપાઝપી કરી રહેલા લોકો પરથી ઠેકડો મારીને કોકપિટમાં પ્રવેશ કર્યો અને કંટ્રોલ પોતાના હાથમાં લીધો.

અન્ય મુસાફરોની જેમ શ્લિક્તર પણ ચોક્કસ ન હતા કે આ બે પુરુષો ક્યાંથી આવ્યા હતા. પરંતુ જે પહેલો વ્યક્તિ હતો, તેણે ખૂબ જ ઝડપથી કામ કર્યું. ત્યારબાદ કટોકટીનો સંદેશ મોકલવામાં આવ્યો કારણ કે તે પુરુષો લેન્ડિંગ કરવા માટે તીવ્રતાથી સલામત જગ્યા શોધી રહ્યા હતા. દરમિયાન, કેટલાક ભયભીત અને શંકાસ્પદ મુસાફરો તેમના વિશે વિચારતા હતા કે શું તેમના પર વિશ્વાસ કરી શકાય. શ્લિક્તરે કહ્યું, "તેઓ વિમાનને સ્થિર કરવામાં સફળ રહ્યા તે પછી પણ તેમણે અમારી સાથે કોઈ સંપર્ક કર્યો ન હતો, અને મારે તમને કહેવું પડશે કે મને આ વાતની ચિંતા હતી." તેમને આનાથી પણ વધુ ખરાબ પરિસ્થિતિની ચિંતા હતી - કદાચ તે પુરુષો પ્લેનનું અપહરણ કરીને તેને ઈરાન કે અન્ય કોઈ જગ્યાએ લઈ જઈ રહ્યા હોય, કારણ કે આપણે ત્યાંથી બહુ દૂર ન હતા. પરંતુ લગભગ 45 મિનિટ પછી, તેમણે જણાવ્યું કે, પાઈલટોએ જાહેરાત કરી કે તેઓ સાઉદી અરેબિયાના તબૂકમાં લેન્ડિંગ કરવા જઈ રહ્યા છે અને બધું બરાબર થઈ જશે. શ્લિક્તરે કહ્યું કે, તેની સાથે જ તેમણે પાઈલટો પર વિશ્વાસ કરવાનો નિર્ણય લીધો. અને તે સાચો સાબિત થયો.

### ફ્લાયદુબઇના હુમલાખોર...

ઈન્ટેલિજન્સ ઓર્ગેનાઈઝેશનની બનેલી વિક્ટોરિયન જોઈન્ટ કાઉન્ટર ટેરરિઝમ ટીમ આ ઓસ્ટ્રેલિયન તપાસ ચલાવી રહી છે. કેસની જાણકારી ધરાવતા સૂત્રોએ ઓસ્ટ્રેલિયન મીડિયાને જણાવ્યું હતું કે, આ કો-પાયલટને ૨૦૧૪માં સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા હતા અને તેણે દેશ છોડતા પહેલાં ૨૦૧૫થી ૨૦૧૭ દરમિયાન ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કર્યો હતો. તેના વિઝા ૨૦૧૯માં રદ કરવામાં આવ્યા હતા, તેમ ABCએ જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે આ વિઝા તેના ચારિત્ર્ય કે વર્તનના આધારે નહી, પરંતુ તે કોઈ કોર્સમાં નોંધાયેલો ન હોવાથી સ્ટુડન્ટ વિઝા માટે અપાત્ર ઠર્યો હોવાને કારણે રદ કરવામાં આવ્યા હતા. તપાસની આગેવાની કરી રહેલા યુએઈ (UAE)એ શનિવારે જણાવ્યું હતું કે, તેની તપાસમાં ખુલાસો થયો છે કે કો-પાયલટે "આતંકવાદી કૃત્ય" કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ ઘટના સંબંધિત સંપૂર્ણ પરિસ્થિતિ, હેતુઓ અને કોઈ જોડાણો છે કે કેમ તે સ્થાપિત કરવા માટે તપાસ ચાલુ છે. મીડિયાના અસંખ્ય આઉટલેટ્સ દ્વારા આ કો-પાયલટની ઓળખ ઓમાની નાગરિક હમામ અલ-હમ્મામી તરીકે કરવામાં આવી છે, જો કે તેની ઓળખની હજુ સુધી કોઈ અધિકૃત પુષ્ટિ થઈ નથી.

### UAEએ ફ્લાઇટના...

પ્રારંભિક વિગતોએ કેટલીક મોટી સુરક્ષા ખામીઓ પર પ્રકાશ પાડ્યો છે. અધિકારીઓએ પહેલાથી જ જણાવ્યું છે કે ઓમાનના કો-પાયલટને તેની ઉગ્રવાદી વિચારસરણીની ચિંતાઓને કારણે તેના પોતાના દેશ દ્વારા ઉડાન ભરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત, ઓમાન–કે જે એક આરબ દેશ છે અને ઇઝરાયેલ સાથે તેને કોઈ રાજદ્વારી સંબંધો નથી–તેનો નાગરિક ઇઝરાયેલી મુસાફરોથી ભરેલા વિમાનને તેલ અવીવ લઈ જવા માટે કેવી રીતે સક્ષમ બન્યો, તે હજુ અસ્પષ્ટ છે. પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું કે અમીરાતી સત્તાવાળાઓએ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સના રાષ્ટ્રીયતા સહિતની માહિતી શેર કરી હતી. ગુપ્ત તપાસ વિશે મીડિયા સાથે વાત કરવાની સત્તા ન હોવાથી નામ ન આપવાની શરતે અધિકારીઓએ જણાવ્યું કે, ઇઝરાયેલે કોઈ મુસાફર કે કર્મચારી સામે કોઈ શંકા કે ચેતવણી દર્શાવી નહોતી. ઉલ્લેખનીય છે કે જેની સાથે રાજદ્વારી સંબંધો ન હોય તેવા દેશના પાયલોટને ઇઝરાયેલ પોતાના દેશમાં ફ્લાઇટ લઇને આવવા દેતું નથી. પરંતુ અધિકારીઓએ હવે તે સુરક્ષા ખામીઓ વિશે કડક પ્રશ્નો પૂછવાનું અને એકબીજા પર આરોપ લગાવવાનું શરૂ કર્યું છે. ઇઝરાયેલની આંતરિક સુરક્ષા એજન્સી 'શિન બેટ'એ જણાવ્યું કે વિદેશી ફ્લાઇટ્સના મુસાફરોની યાદી ચકાસવા માટે પરિવહન મંત્રાલય જવાબદાર છે. જ્યારે પરિવહન મંત્રી મીરી રેગેવે ઇઝરાયેલના જાહેર પ્રસારણકર્તા 'કાન'ને જણાવ્યું કે ફ્લાઇટ સુરક્ષા માટે સુરક્ષા એજન્સીઓ જવાબદાર છે અને તેમના મંત્રાલયને મુસાફરોની કોઈ યાદી કે ચેતવણી આપવામાં આવી નહોતી.

# નઘોઈના બ્રેઈનડેડ મંજુલાબેનનું અંગદાન, પાંચને નવજીવન

**ઓલપાડના** ધારાસભ્ય મુકેશભાઈ પટેલની પહેલથી ડોનેટ લાઇફને જાણ કરાઈ




સુરતઃ ઓલપાડના નઘોઈ ગામનાં ૫૬ વર્ષીય મંજુલાબેન કાંતિભાઈ પટેલ બ્રેઈનડેડ થયા બાદ તેમના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓના જીવનમાં ઉજાસ ફેલાવ્યો છે. પૂર્વ મંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલે તેમના મામી મંજુલાબેનના બ્રેઈનડેડ અંગે ડોનેટ લાઈફના CEO નીરવ માંડલેવાલાનો સંપર્ક કરી પરિવારની અંગદાનની ઈચ્છા અંગે જાણ કરી હતી.

મંજુલાબેન તા. ૧ ઓક્ટોબરે પતિ સાથે કવાસથી નઘોઈ પરત ફરી રહ્યાં હતાં ત્યારે ભેસાણ ચોકડી પાસે અજાણ્યા વાહનની ટક્કરથી ગંભીર ઈજા થઈ હતી. સારવાર માટે લાઈફલાઈન મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ખસેડાયા બાદ CT સ્કેનમાં બ્રેઈન હેમરેજ જણાયું હતું. ન્યુરોસર્જન ડૉ. હરીન મોદીએ ક્રેનિયોટોમી કરી હતી.

જોકે તા. ૩ ઓક્ટોબરે તબીબોની ટીમે તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. મુકેશભાઈ પટેલની જાણ બાદ ડોનેટ લાઈફની ટીમે પરિવારનું કાઉન્સેલિંગ કર્યું હતું.

મંજુલાબેનના પતિ કાંતિભાઈએ કહ્યું હતું કે, "અંગો તો રાખ થઈ જવાના છે, ત્યારે જેટલા અંગોનું દાન થઈ શકે તેટલું કરાવી અંગ નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપો."પરિવારની સંમતિ બાદ અંગદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. લાઈફલાઈન હોસ્પિટલ OTRH તરીકે નોંધાયેલી ન હોવાથી SOTTOની ચકાસણી બાદ વન-ટાઇમ પરમિશન આપવામાં આવી હતી.

બંને કિડની અને લિવર અમદાવાદની IKDRC હોસ્પિટલને ફાળવાયા છે. ત્રણ દર્દીઓમાં તેના ટ્રાન્સપ્લાન્ટ થશે, જ્યારે ચક્ષુઓ લોકદૃષ્ટિ ચક્ષુ બેંકે સ્વીકાર્યા હતા. અંગો સમયસર અમદાવાદ પહોંચાડવા સુરત પોલીસે ગ્રીન કોરિડોર બનાવ્યો હતો. ડોનેટ લાઈફના જણાવ્યા મુજબ સંસ્થા અત્યાર સુધીમાં ૧૪૦૯ અંગો-ટિશ્યુના દાનથી ૧૩૦૦ લોકોને નવજીવન અને નવી દૃષ્ટિ અપાવવામાં સફળ રહી છે.